# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## પરિપત્ર

**આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના ભાવોથી નવસારી યુનિવર્સિટીના તમામ વિભાગો/કેન્દ્રોમાં પ્રિન્ટીંગની કામગીરી કરાવવાની મંજૂરી આપવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળ ફરજ બજાવતાં તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઈ–ટેન્ડરીંગ મારફતે ભાવપત્રકો મંગાવીને **તા.૦૧/૧૧/૨૦૧૫ થી ૩૧/૧૦/૨૦૧૬** (એક વર્ષ) ના સમયગાળા દરમ્યાન પ્રિન્ટીંગની કામગીરી માટે પાંચ પાર્ટીઓ (પ્રિન્ટર્સ)ની એક પ્રેસ પેનલ તૈયાર કરવામાં આવેલ છે, જેની નકલ નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર તા.૦૫/૧૨/૨૦૧૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સદરહુ પ્રેસ પેનલના સ્પર્ધાત્મક અને વ્યાજબી ભાવોથી આપણી યુનિવર્સિટીના વિવિધ વિભાગો/કેન્દ્રો વર્ષ દરમ્યાન ગુણવત્તાસભર પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકે તે હેતૂસર આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના ભાવોને માન્યતા આપવા માટે માન. કુલપતિશ્રીની મંજૂરીથી રચવામાં આવેલ સમિતિના સભ્યશ્રીઓની એક બેઠક તા.૩૦/૧૧/૨૦૧૫ના રોજ નવસારી ખાતે મળેલ હતી.

ઉપર્યુકત સમિતિના સભ્યશ્રીઓએ આણંદની પ્રેસ પેનલના ભાવો અને શરતો અંગે સઘન ચર્ચા–વિચારણા કરીને તેના અમલ માટે મા.કુલપતિશ્રીને મંજૂરી આપવા ભલામણ કરેલ હતી, જેના અનુસંધાને મા.કુલપતિશ્રીએ આ કચેરીની તા.૦૨/૧૨/૨૦૧૫ની નોંધ પર મંજૂરી આપેલ છે.

યુનિવર્સિટી હેઠળ કાર્યરત વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો જરૂર પડયે આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલમાં સમાવિષ્ટ પાંચ પાર્ટીઓ પૈકી કોઈપણ પાર્ટી/પાર્ટીઓ પાસેથી પોતાના વિભાગની પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકશે. આણંદની પ્રેસ પેનલના ભાવો આ પરિપત્રની તારીખથી આગામી વર્ષની **તા.૩૧/૧૦/૨૦૧૬** સુધી જ માન્ય ગણાશે. પ્રિન્ટીંગની કામગીરી માટે થનાર ખર્ચની મંજૂરી જે તે વિભાગે યુનિવર્સિટીના નિયમાનુસાર સક્ષમ અધિકારી પાસેથી લેવાની રહેશે.

આ પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજૂરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/૫૨/૨૦૧૫
નવસારી તા. ૦૫/૧૨/૨૦૧૫

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :**

આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલમાં સમાવિષ્ટ પાંચ પાર્ટીઓ (પ્રિન્ટર્સ) તરફ જાણ તથા ઘટતું થવા સારું.